KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233
Continuous issue-29 | April – May 2017

# મધ્યકાલીન મુસ્લિમ કવયિત્રી : રતનબાઈ

મધ્યકાળમાં રાજે, અબ્દુલ રહેમાન, અત્તરશાહ, અનવર કાજી, અભરામબાવા, ઉમરબાવા, કતીબશા, કરીમશા, કાયમદીન ચિશ્તી, નઝરૂલશાહ, કૈયુમ બાબા, સુખરામ, મીઠો ટાઢી, હાસમશાહ, મુસા પીર, સમસુદ્દીનબાબા, હોથી, સાઈ શેલાણી, સદરદીન પીર, કમાલ કાજી, મુરાદ, નૂર સતાસાગર સમ્મદ શેખ વગેરે મુસ્લિમ સંત-કવિઓની જેમ સંત-કવયિત્રીઓ અજાન બીબી, ઈમામ બેગમ, રતનબાઈ વગેરેનું પણ નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. મુસ્લિમ કવિઓ દ્વારા લખાયેલ રચનાઓમાં જ્ઞાનમાર્ગી ને પ્રેમલક્ષણા કાવ્યધારાની પ્રચલિત પદ-ભજન પરંપરા અને સંગીતના રાગ-ઢાળ કે બોલચાલની ભાષા સાથે અરબી-ફારસી કે હિન્દીની છાંટ વર્તાય છે. તેમની રચનાઓમાં જ્ઞાન, ભક્તિ, યોગ અને કર્મ એમ ચારેય માર્ગની જાણકારી, હિન્દુ ધર્મના આચાર-વિચાર તેમજ સાધના પરંપરા અંગેનું ઊંડું જ્ઞાન વ્યક્ત થાય છે. સરળ અને સહજ વાણી દ્વારા જીવનની ક્ષણભંગુરતા, નિરર્થક્તાની, તેમજ ઈશ્વર-અલ્લાહ, રામ-રહીમ કે કૃષ્ણ વિષયક ભાવના આલેખન દ્વારા હિન્દુ-મુસ્લિમ એકતા અને શાંતિનો સંદેશ ફેલાવ્યો છે. તેમના દ્વારા રજૂ થયેલ ભારતીય મૂલ્યો અને અધ્યાત્મભાવના સંદર્ભમાં મુસ્લિમ કવિઓની રચનાઓનું મૂલ્યાંકન થવું જરૂરી છે.

મધ્યકાળમાં રતનબાઈ નામની જુદી-જુદી ત્રણેક કવયિત્રીઓના ઉલ્લેખ સાંપડે છે, જેમાં બે હિન્દુ અને એક મુસ્લિમ છે. જૈન કવયિત્રી રતનબાઈ (16મી સદી), જ્ઞાનમાર્ગી નાગર કવયિત્રી રતનબાઈ (ઈ.સ. 1781 માં હયાત) કરતાં જુદાં કાયમુદ્દીન-શિષ્યા રતનબાઈ (18મી સદીનો ઉતરાર્ધ) વોરા જ્ઞાતિનાં અને કરજણનાં વતની હોવાનું મનાય છે. તો બીજા એક સંદર્ભ મુજબ તેઓ કરજણ તાલુકાનાં પાછીયાપુરનાં વતની, જીવન મસ્તાનનાં પિતરાઈ બહેન અને હજરત શાહ કાયમુદ્દીનનાં શિષ્યા હતાં.

રતનબાઈએ મધ્યકાલીન જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય-વિવેક-ધ્યાન આદીના સંસ્કારો ઝીલીને કલામ, ગરબી, ભજન એવાં શીર્ષક હેઠળ જે પદો રચ્યાં છે તેમાં અરબી-ફારસી ભાષાની અસર અને પોતાના ગુરુ કાયમુદ્દીનને ઉદ્દેશીને રચેલ પદોમાં મધ્યકાલીન પ્રેમલક્ષણા ભક્તિ કવિતાની અસર વર્તાય છે. તેમની રચનાઓમાં ગુરુનો ઉપદેશ, વચન, ગુરુનો મહિમા, સદગુરુની અનિવાર્યતા તેમજ સદગુરુ પ્રત્યેની સંપૂર્ણ શરણાગતિ અને તેના પરિણામે પ્રાપ્ત થતી જીવનની સાર્થકતા કે ધન્યતાના ગાનની સાથે-સાથે ગુપ્ત સાધનાનાં રહસ્યો, પાખંડી સાધુ-મોલવી પ્રત્યેનો કટાક્ષ કે ધર્મના નામે છેતરપિંડી કરનારને ચેતવણી પણ આપે છે. અહીં આપવામાં આવેલા જુદા-જુદા રાગ-ઢાળના ઉલ્લેખો પરથી સ્પષ્ટ થાય છે કે તેમને સંગીતનું પણ સારું જ્ઞાન હશે.

અભ્યાસની સરળતા ખાતર રતનબાઈની આ રચનાઓના વિષયની દ્રષ્ટિએ મુખ્યત્વે ચાર વિભાગ પાડી શકાય (૧) જીવનની ક્ષણભંગુરતાનું આલેખન (૨) પાખંડી-ઢોંગી પ્રત્યેના વ્યંગ-કટાક્ષનું આલેખન (૩) ગુરુ મહાત્મ્ય કે ગુણ-ગાનનું આલેખન અને (૪) સાધનાની રહસ્યાત્મક્તાનું આલેખન.

**(૧) જીવનની ક્ષણભંગુરતાનું આલેખન:** જીવન, જગત, શરીર બધુ નશ્વર છે, શાશ્વત માત્ર એક ઈશ્વર છે. આથી પરમ તત્વના ગુણ-ગાન થકી ભવસાગર તરવાની તેમજ સાંસારિક ખટપટોથી દૂર રહીને મન શુધ્ધ કરવાની વાત ભક્તિમાર્ગની ફિલસૂફીને સાકર કરે છે. આખી આ વાત સચોટ, માર્મિક અને અંતર સોસરવી નીકળે એવી વાણીમાં રજૂ કરાઈ છે. જુઓ-

**‘થાઓ તૈયાર બેની ચેતીરે, દુનિયા બે દાડાની ખેતી રે**
**નહિતર આખર થાશે ફજેતી, આવો બેની પીરના ગુણ ગાઓ રે’**
**‘મનનો મેલ તમે સઉ કહાડજો, નહીં તો ફોગટ ફેરો થાય**
**આપો તલભાર પણ ન રાખજો, એતો સારૂ નહીં કહેવાય... સેવો કિરતારને’**
**‘મારૂ મારૂ કરી રહ્યો તું, એમાં તે શું સાર છે**
**રાખમાં રોળાઈ જાશે, કરી લે કોઈ આધાર, ભજ મન ભાવથી કિરતાર’**
**‘કોઈ રહ્યું નથી સદા જગતમાં, આવ્યું તે સૌ જાય છે**
**કોણ રહ્યું છે અહીં ઘર કરીને, રોજ નવા વા વાય છે... રે ભાઈઓ વાય છે’**

**અહીં દુનિયાને બે દિવસની ખેતી સાથે સરખાવીને જીવનની કે દેહની ક્ષણભંગુરતા, ક્ષણિકતા કે નશ્વરતાને રજૂ કરીને ઈશ્વરની ભક્તિમાં જીવ પરોવાની વાત ભકિતમાર્ગની ફિલસૂફી રજૂ કરે છે.**

**(૨) પાખંડી-ઢોંગી પ્રત્યેના વ્યંગ-કટાક્ષનું આલેખન:** આ પ્રકારની રચનાઓમાં પાખંડી-ઢોંગીઓની છળકપટ, કાવાદાવા, અજ્ઞાન, અહંકારને ખુલ્લાં પાડ્યાં છે. ધર્મના નામે જે પૂજા-પાઠ-હોમ-હવન-ટીલાં-ટપકાં-માળા-જાપ કરતા કે મંદિર-મસ્જિદમાં ભમે છે તેમને પોતાની ભીતરમાં બેઠેલા સાહેબ(ઈશ્વર)ની ઓળખ કરવા કહ્યું છે. મનનું તીરથ સૌથી મોટું એમ કહીને મન વશ કરવાથી બધા ભેદ ઉકેલાઈ જશે. અખા કે ભોજા ભગતની જેમ ચાબખા મારીને અજ્ઞાની, મૂરખ જીવને અંતરની સાધના કરવા કહ્યું છે.જેમકે-

**‘પુસ્તકો ભણીને રે અભિમાન બઉ કરે રેજી, કહો કેમ ઉતરે એ ભવ પાર પ્યાલો**
**હિન્દુ સૌથી ચોખ્ખો રે પોતાને તો માનતો રેજી, નાઈ એ તો રાખે છે સૌને દૂર**
**જોતો નથી કાયા રે ગંદકી એમાં ભરી રેજી, મેલ માહી ભરીયો છે ભરપૂર**
**મોલવીને મુલ્લારે પોતાને મોટા ગણે રેજી, ચાલે નહીં શરીઅતની એ ચાલ**
**ઈલમ વેચીને રે પેટ એતો ભરતોજી, ખાઈ જાય મસીદનો માલ’**
**‘ફરો ભમતા તમે શુ ભાઈ, સાહેબ બેઠો પોતાની માંહી**
**મકકે જાએ ને મદીને જાએ, જાએ દુવારકા કાશી રે**
**મનનું તીરથ સરવેથી મોટું, મટી જાએ ચોરાશી**

**કુરાન પઢે ને ગીતા વાંચે, ખોળે વેદ પુરાણો રે**
**અંતર ખોળ્યા વિના પાર ના આવે , ભાર નકામો તાણો**
**બ્રાહમણ બેઠો કથાઓ કરે છે, બૂમો પાડે પેટ સાટે'**

જેની કથની અને કરણીમાં ફેર છે તેમણે ચેતવ્યા છે. ધર્મના નામે ધંધો કરતા પાખંડીઓને અહીં ખુલ્લા પાડ્યા છે. તો ઈશ્વર મંદિર, મૂર્તિમાં નહીં પણ પોતાની ભીતર છે એ દ્વારા સગુણ કરતાં નિર્ગુણ ઉપાસનનો મહિમા વ્યક્ત કર્યો છે. મધ્યકાલીન સમાજ આટલો રૂઢિચુસ્ત હોવા છતાં તેની સામે આટલું ખુલ્લુ બોલવું એ સાચા સંત-ભક્તના લક્ષણને પ્રગટ કરે છે. નાત, જાત, ધર્મ કે સ્ત્રી-પુરુષ જેવા કોઈ ભેદોમાં અટવાયા સિવાય માત્ર પરમ તત્ત્વમાં પોતાનું ઐક્ય સાધવા માટે સાચા ગુરુની શોધ હોય છે, જે પરમનો ભેટો કરાવે છે. જેને સદગુરુ પ્રાપ્ત થાય છે એનો ભાવસાગર પાર થઈ જાય છે. ભક્તિમાર્ગ કે જ્ઞાનમાર્ગ કે યોગમાર્ગમાં ગુરુનું ખૂબ મહત્વ દર્શાવ્યું છે.

**(3) ગુરુ મહાત્મ્ય કે ગુણ-ગાનનું આલેખન**: ગુરુનો મહિમા ગાતી રચનાઓમાં પોતે ગુરુ વિના સાવ રંક અવસ્થામાં હતાં પરંતુ ગુરુએ પોતાનો હાથ ઝાલીને મોટી કૃપા કરી છે, જીવન ધન્ય બન્યું છે પરિણામે ગુરુના કહ્યા માર્ગે ચાલવાથી દુન્વયી દુ:ખ ઓગળી જશે એ મુજબની વાણી ગુરુના ગુણ-ગાનને વ્યક્ત કરે છે. જેમકે-

**'મને મળીયા કાયમદીન પીર, ભાયગ મારૂ ઉઘડ્યું**
**અબળા દાસીને દીધી ધીર, ભાયગ મારૂ ઉઘડ્યું**
**હું તો ડુબી હતી જંજાળમાં, હાથ પકડીને કહાડી બહાર**
**જોયું એક નજરથી મુજ ભણી મનનો દૂર થયો વિકાર'**
**'મુરશદ નામની માળા રે લીધી, છોડુ કદી નહીં સાથ રે**
**બાઈ રતનને મુરશદ મળીઆ, એજ હમારા છે નાથ રે'**
**'હું રે પડી હતી ઘોર નીંદમાં, હૈડે ધરી મુજ લાજ રે**
**પીરે મારે આવીને મુજને ચેતન કીધી છે આજ**
**મહેર કરીને પીર પોતે પધાર્યા, સુધાર્યા સરવે કાજ રે**
**બાંય મને ખેચી કહાડી, પ્રગટ થયા શિરતાજ રે'**

પોતાના ગુરુનો નામોલ્લેખ, ગુરુ પરંપરા, માર્ગ પરંપરા કે પોતાના વિશેની માહિતી રચનાના અંતે આપવાની એક ચાલ મધ્યકાળમાં હતી, તે દ્રષ્ટિએ રતનબાઈ પાસેથી પણ પોતાના ગુરુ વિશે કેટલોક પરિચય પ્રાપ્ત થાય છે. જેમકે-

**'ઉત્તર દેશથી રમતો રમતો, આવ્યો પુરુષ નિરધાર,**
**નામ પૂછ્યું કાયમદીન છે એ, જ્ઞાન તણો ભંડાર'**
**'મળ્યારે કાયમદ્દીન પીર, ભાયગ જેને મળ્યારે કાયમદ્દીન પીર,**
**કડી કસ્બેથી પીર પધાર્યાને, મુરીદોને દીધી રે ધીર'**

પોતાના ગુરુ કાયમુદ્દીન ઉત્તર ગુજરાતના કડીના વતની હતા અને અહીં આવી વસીને અનેક લોકોનાં જીવન સુધાર્યાં તેવા ઉલ્લેખો પણ કાયમુદ્દીન ચિશ્તિના જીવન-કવનના અભ્યાસ માટેની પ્રમાણભૂત માહિતી બને છે.

રતનબાઈની રચનાઓ મધ્યકાલીન પ્રેમ-લક્ષણા ભક્તિ કવિતાના પ્રવાહને પુષ્ટ બનાવે છે. તેમની પાસેથી મળતી આ પ્રકારની રચનાઓમાં પ્રભુને વિનંતી, આજીજી, પ્રાર્થના કે સેવા દ્વારા રીઝવવામાં ગુરુ પ્રત્યે સંપૂર્ણ શરણાગતિ કે સમર્પણ જેવા ભાવોની અભિવ્યક્તિ સાંપડે છે. આ રચનાઓની ભાષા તેમની બીજી રચનાઓ કરતાં જુદી તરી આવે છે. જાણે તે વખતનો કોઈ હિન્દુ કવિ લખે એવી શુધ્ધ ગુજરાતી છે. ઉદા.તરીકે-

**'માળા જપુ છું નાથ તમારી, આવોને મંદિર મારે રે**
**દયા કરીને વહેલા પધારો, આનંદ ઉરમાં ભારે રે**
**સેજ સમારી વાટડી જોતી, વહેલા આવો ગિરધારી રે,**
**દર્શન દોને મુજને વાલા, જાઉં તમો પર વારી રે'**
**'તલપી રહું હું દરશન કાજે, આવીને ભેટો શામળા આજે**
**એવું ન તમને છાજે મંદિર આવો મારે**
**મોહ લગાડી ઘેલી રે કીધી, સુધ બુધ સઘળી છીનવી લીધી**
**છાની કટારી દીધી, મંદિર આવો મારે'**

પ્રભુને પ્રિયતમ ભાવે ભજતાં હૃદયની પ્રેમ, વિરહ, મિલન કે આર્તનાદ જેવી વિભિન્ન સ્થિતિઓને ઉજાગર કરતાં પ્યાલો, કટારી જેવાં પરંપરાત્મક ભાવપ્રતીકોનો વિનિયોગ સાધનાની ગુપ્તતા, રહસ્યાત્મકતા તેમજ કાવ્યાત્મકતા બક્ષે છે. ઉદા. તરીકે-

**'પ્યાલો મે તો પીધોરે કાયમદીન પીરનો રે જી, પીતાં હું તો થઈ ગુલતાન**
**લહેર મને આવે રે અંતરથી ઉછળી રેજી, ટળ્યા મારા દેહી તણા અભિમાન'**
**'આત્મા વશ કરી લીધો, ગુરુ જ્ઞાન થકી, આત્મા વશ કરી લીધો**
**પાંચ પચ્ચીસને હાંકીરે કાઢ્યા, ચેતનનો કિલ્લો મે તો કીધો'**
**'નેણ કટારી લાગી છે કારી, ઉતરી પડી આરપાર**
**એને જોયા વિના જીવડો તલસે, એ છે પ્રાણ આધાર'**

તો સદગુરુ મળવાના કારણે અજ્ઞાનરૂપી પડદો હટતાં અંતરમાં અજવાસ પ્રાપ્ત થાય છે તેમજ જીવન અને જગતની નશ્વરતા કે ક્ષણભંગુરતાનું જ્ઞાન થતાં જીવનની હાની ટળી જવાનું સ્વીકારે છે.જુઓ-

**'પ્રગટ થઈને ડૂબતાંને બચાવ્યા અને વાતો બતાવી છાની,**
**આવાગમનનો ફેરો ટળ્યોને હવે, બીક રહી અમને શાની,**
**હોજી રે પીર મળ્યા છે અમને અંતર જ્ઞાની'**

**(૪) સાધનાની રહસ્યાત્મકતાનું આલેખન:** પોતાને ચિશ્તીરૂપી ઘરેણું પામ્યાના પ્રતાપે જન્મ-મરણમાંથી મુક્તિનું રહસ્ય પણ પ્રાપ્ત થયું છે, જેમાં જીવન સાધનાની કઠીન તપસ્યાના અંતે અંતરના દ્વાર ઉઘાડવાની ક્રિયાનું વર્ણન યોગિક પ્રક્રિયાના ક્રમશઃ વિકાસનો નિર્દેશ કરે છે. જેમકે-

**‘મારા ઘટના ઉઘડીયા દુવાર, મે તો કીધારે અડસઠ તીરથ આંગણે – ટેક**
**લોકો દોડા દોડી કાશી જાય, રીઝવે દેવળના દેવ**
**અંતર ઘટમાં આલેખ બિરાજે, એની કરી જાણે નહીં સેવ...મે તો કીધા રે..**
**તપને વૃતને  હું નહીં જાણું , વેદ ના સમજુ લગાર**
**ગુરુએ મારે માર્ગ બતાવ્યો તેથી ઉતરી ગઈ ભાવ પાર...મે તો કીધા રે....**
**ઓહમ સોહમને જાપ અજાપો, પકડી એ તો મે ચાલ**
**નાભી કમળથી એકદમ ઊપડી પાર કરી બકનાલ....મે તો કીધા રે....**
**ધ્યાન ધરીને ખોલ્યું અંતર, જોયો નૂરનો ભંડાર**
**જોશી પુરનીના સાપને નહીં આવે એવો મે તો જોયો કિરતાર...મે તો કીધા રે..**
**મગન થઈને બેઠી હું મનમાં, બીક રહી રે ન લગાર**
**બાઈ રતનને પીર છે મોટા માથે, કાયમદીનનો આધાર...મે તો કીધારે...**

બાહ્ય રઝળપાટ નિરર્થક છે. ખરી શોધ પોતાની ભીતર જ કરવાની છે, એજ સાર્થક ઠરે છે. જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મળવાની કે ભવસાગર પાર થવાનો સંકેત જીવનની સ્થૂળતામાંથી નીકળીને પરમ તત્વ સાથેના જોડાણને રજૂ કરે છે.

રતનબાઈની આ વાણી અનુભૂતિમાંથી પ્રગટી છે. તેમનીની રચનાઓ ભાષાશૈલી, ભાવ નિરૂપણ, અને અભિવ્યક્તિના સંદર્ભે વધુ ધ્યાન ખેચે છે. અરબી-ફારસી-ઉર્દૂ-હિન્દી તેમજ શુધ્ધ ગુજરાતી ભાષાપોત ધરાવતી તેમની રચનાઓ શબ્દ દ્વારા શબ્દાતીત અનુભૂતિને પ્રગટાવતી અનુભૂતિજન્ય ઊર્મિના ઉદગારો છે.

*** (‘મધ્યકાલીન ગુજરાતી મુસ્લિમ કવિઓનું સાહિત્ય’ વિષય અંતર્ગત સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, મેઘરજમાં રજૂ કરેલ સંશોધન પેપર)**

## સંદર્ભસૂચિ


I. ભક્તિ સાગર -સંપા. હરગોવિંદ દ્વા. કાંટાવાળા
II. સૌરાષ્ટ્રનું સંત સાહિત્ય -ડૉ. નિરંજન રાજ્યગુરુ
III. મધ્યકાલીન ગુજરાતી ભક્તિ કવિતા -ડૉ. નિરંજન રાજ્યગુરુ
IV. ઉર્દૂ-હિન્દી કોશ -સંપા. આચાર્ય રામચંદ્રા વર્મા

V. મધ્યકાલીન ગુજરાતમાં ભક્તિ અને સૂફી આંદોલન -સંપા. મકરંદ મહેતા, ભારતી શેલત,આર. ટી. સાવલિયા
VI. સોરઠી સંતો -ઝવેરચંદ મેઘાણી
VII. સોરઠી સંતવાણી -ઝવેરચંદ મેઘાણી
VIII. ઊંચી મેડી સંતની -હરીશ વટાવવાળા
IX. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ: ગ્રંથ:2, ખંડ:2, ગુ,સા.પરિષદ,અમદાવાદ
X. રામ રતન ધન પાયો -સંપા. પ્રતિમા ર. દવે
XI. કચ્છ અને સિંધના સૂફી-સંતો -જયંત રેલવાણી
XII. રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા –સંપા. ઉષા ઉપાધ્યાય
XIII. મધ્યકાલીન ગુજરાતી પદ સંચય –સંપા. ચીમનલાલ ત્રિવેદી, રમન સોની
XIV. સેત કેરી વાણી –મકરંદ દવે
XV. સંતવાણી તત્ત્વ અને તંત્ર – સંપા. બળવંત જાની
XVI. યોગપથ - મકરંદ દવે
XVII. સંતવાણીનું સત્વ અને સૌંદર્ય – ડૉ. નાથાલાલ ગોહિલ તથા અન્ય

********************************************************************************

**ડૉ. રમેશ ચૌધરી**
આસિસ્ટન્ટ પ્રોફેસર
અનુસ્નાતક ગુજરાતી વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

Copyright © 2012 - 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat